# નં. ૬૧ અણગળ નીર વાપરનાર

નાવણ ધોવણ બહુ કર્યાં; ઘણાં વાપર્યાં નીર.
હિંસા કીધી આકરી; ઢોળ્યાં અણગળ નીર.
ભુસકા મારી તરિયા ઘણા, નદી સરોવર તીર.
પણ આ ભવથી તર્યા નહિ, કરણી કીધી અધીર.

ઉપયોગ વગર અણગળ પાણી વગર કારણે વાપર્યાં અને અપકાય જીવોની હિંસા કરી. એક પાણીના બિન્દુમાં અનંતા જીવો રહેલા છે, અને આજે પણ વિજ્ઞાને એક પાણીના બિન્દુમાં ૩૬૪૫૦ હાલતા ચાલતા ત્રસ જીવો દુર્બીન દ્વારા જોયા છે;

## બહુ ગર્મી છે.

ઘરમાં નળ આવ્યો; પાણીની સુવિધા થઇ પણ ભોલા ચંદનનો ત્રાસ વધ્યો; આખો દિવસ નળ ખોલી અણગળ પાણી ઢોળે, બા બાપુજી શિક્ષા આપે; પાડોસી સમજાવે પણ કોઈનું માને નહીં.

સાંજ થાય ને દરિયામાં જઈ ભૂસકા મારે; પાણીમાં પ્રતાડના કરે અને અનર્ગલ પાણી વ્યય કરે, નદીમાં; તલાવમાં કુવામાં; અને દરિયામાં પણ કુદકા મારે.

વૈશાખ મહિનાના દિવસ હતા, ગર્મી વધી અને ચંદન બોલ્યો, બા આજે બહુ ગર્મી છે, બા બોલ્યા—ચંદન તું પાણીમાં નહીં પડ અને અનર્ગલ પાણી પણ નહી ઢોળ. છતાં દોડતા દોડતા જઈ ચંદને દરિયામાં ડુબકું માર્યું અને દરિયાની ભરતીના થપેડા સાથે ચંદને મરણ પામી અધોગતિ પ્રાપ્ત કરી,

ઘૃતની પરે વાપરજે નીર,
અણગળ પાણીએ મા ધોઈએ ચીર.

મનુષ્યે ઘીની જેમ પાણીને વિવેકપૂર્વક વાપરવું જોઇએ. અણગળ પાણી વાપરવું નહિં.

## નં. ૬૨ અણગળ નીર વાપરવાનું ફળ

પરમાધામી પટકતા, ઉપર કરતા વાર.
જઈ અગ્નિમાં ફેંકતા- દેતા દુઃખ અપાર.
પસ્તાતા ત્યાં અતિઘણા; પાપ કરીશ ન લગાર
કર્યાં કર્મ ને ભોગવે; ત્યાં કોઈનો નહીં આધાર

અહીયાં ગર્મી લાગે છે, પણ ત્યાં નરકાવાસમાં અણગળ પાણી ઢોળનારને આગમાં ફેંકે છે; બળે છે ત્રાસથી બુમો પાડે છે; પણ જે પૂર્વ ભવમાં કર્યું તે હવે ભોગવ.

વિણ છાણ્યા પાણી કારણ વગર. ઢોળે અણગળ નીર.
સુશિલ કહે તે જીવડો; પામે રૌરવ નરકની પીર.

જીવ અનર્થદંડ રૂપ અણગળ પાણી વાપરી વ્યર્થ કર્મ બન્ધનમાં પડે છે, તેથી નરકાદિ દુઃખો અનુભવે છે.

એકસ્મિન જલબિન્દુષુ, જીવા સન્તિ બહુવિધા.
નરકાદિ દુઃખં લભતે; અપ્કાયાદિ વિરાધકઃ
—શ્રી યોગબિન્દુ

જીનેશ્વર ભગવાને એક બિન્દુમાં અસંખ્યાતા જીવો કહ્યા છે; તે જીવોનો વિરાધક નરકને પ્રાપ્ત કરે છે, અને ત્યાં વિવિધ રૂપધારી પરમાધામીઓ વડે દુઃખ સહન કરે છે.



## નં. ૬૩ અભક્ષ્ય ખાનાર

ભક્ષ્ય અભક્ષ્ય ન ઓળખ્યાં, ખાધાં કંદો રાગ
કાંદા બટાટા લસણમાં, માણ્યો સ્વાદ અથાગ.
દહીંમાં કઠોળ મેળવ્યાં, જીભે લીધો સ્વાદ.
મૂળા ને વળી રીંગણાં; કરી કચુંબર આદ.

આપણી પાસે બે વસ્તુ છે. આત્મા અને શરીર, શરીર માટે આપણે ભક્ષ્યાભક્ષ્યનો વિવેક નહીં રાખીયે તો આત્મા ડુબી જાય છે અને તે આત્માનું આપણે હનન કરીયે છીએ માટે આત્મા અને શરીર બન્નેના પોષણ માટે ભક્ષ્ય[ખાવાયોગ્ય] અભક્ષ્ય [નહીં ખાવા યોગ્ય] નું બરાબર ધ્યાન રાખવું તેથી જીવને કર્મ બન્ધન નહીં થાય.

## સરસ લાગે છે.

જીભના લાલચી લાલારામ રાત દિવસ વિવેક વગરના અભક્ષ્ય પદાર્થો ખાધા કરે, ઘણા માણસો સમજાવે અરે હવે તો આ અભક્ષ્ય વસ્તુઓને ખાવાની છોડી દે. પણ જીભના લાલચી માને નહી.

કાંદા ખાય; રીંગણા ખાય, બટાટા ખાય; અને લસણ કંદમુળ. ખાઇ જાય. ઉપરથી કહે બહુ સરસ લાગે છે એમ ખોટી માચી પ્રશંસા કરીને લાલારામે ઘોર કર્મો ઉપાર્જન કર્યાં.

લાલારામ પૈસાવાળો હતો તેથી તેની પાસે આભુષણો પણ પહેરેલા રહેતા હતા. લાલારામે એક દીને ત્યાં મદિરાપાન કર્યું તેથી વિકાર ઉત્પન્ન થયો અને તે મદિરાપાન આદિથી મરણ પામી દુર્ગતિએ ગયો, અને તેના આભુષણો આદિ પેલા લોભી માણસે હડપ કરીદીધા.

# નં. ૬૪ અભક્ષ્ય ખાનારની ગતિ

મરીને જઈ ઉપન્યો, ઘોર નરકના દ્વાર;
ખેંચી તેની જીભડી, ઉપર માર્યો માર,
પરમાધામી તેહની કરે ન દયા લગાર,
રીબાણા બહુ આક્રંદથી, સહન કર્યા વગર નહી પાર,

શાસ્ત્રકારો વર્ણવે છે કે અભક્ષ્ય વસ્તુઓ ખાનારો[નહીં ખાવા યોગ્ય] પોતાના આત્માનેઅધોગતિએ લઈ જાય છે, માત્ર પેટ પૂર્તિ માટે અનર્થ કરી પાપ કર્મ બન્ધન કરવું એ અયોગ્ય છે, પરમાધામીઓ તેની જીભ ખેચી ઘણો ત્રાસ આપે છે.

પાપ કર્માણિ કુર્વંતિ; અભક્ષ્યાદિ ભક્ષણે;
પ્રચલન્તિ નરા ઘોરે પરમાધામી નિકેતને:

—શ્રી માર્કંન્ડેય

અભક્ષ્યાદિ ભક્ષણ કરી પાપી નરો ઘોરાતિઘોર નરકમાં પરમાધામીના અતિથી થાય છે.

ખાવા યોગ્ય નહી તે સદા, ખાધું થઈ અજ્ઞાન,
સુશિલ કહે રે આત્મા તું કેમ ભુલ્યો ભાન,

રસનાના (જીભના) સ્વાદ માટે તું કેમ ! આવા અનંતકાયાદિ ભક્ષણ કરે છે, ઉપયોગ રાખી સદા ધાર્મિકતામાં પ્રવૃત્તિ થઈશ તો તારા આત્માનું કલ્યાણ થશે.

રસના લાલચે લાલચુ જલમાંહિ મીનરે,
કાંઠે કાંટો ખુંચીઓ દુઃખીઓ થયો દીનરે.

જીભની લાલચમાં જલમાં રહેલ માંછલાઓ ધીવરના સપાટામાં આવી પ્રાણ ગુમાવે છે. માટે મનુષ્યે ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરવો.

માંસ ભક્ષણ અને રાત્રિભોજન કરનારની ગતિ.



# નં. ૬૫ માંસ ભક્ષણ કરનાર

હસતાં ખાધાં હોંશથી, પશુ પક્ષીના માંસ.
ઈંડા ખાધાં પ્રેમથી, ભૂલ્યો નિજનો હંસ
રસ ગૌરવ કહી ચાખીયાં, માણ્યા સુખના સાર.
હાડખી ચૂસતાં રાચીને, સ્વાદ લીધો અપાર.

માંસ ભક્ષણ કરનાર રસનાની (જીભની) લાલચમાં આત્મધર્મને તિલાંજલી આપી માણસ માનવતા ઉપર કલંક લગાડે છે. પેટપૂર્તિ માટે ઘણાં સાધનો છે પણ અજ્ઞાની- બિચારા અસહાય, મૂક, અબોલા અને નિરાધાર સ્વછંદ વિચરતાં પશુઓનો સંહાર કરી પોતાની લીપ્સા પુરી કરે છે. માનવતામાં રહી દાનવતાનું આચરણ કરે છે તેથી ઘોર કર્મ બન્ધન કરી નરકાદિ દુઃખો મેળવે છે.

## માંસભક્ષી સુરપાળ

અવંતીની અટવીમાં માંસભક્ષી સુરપાળ શિકાર કરે છે. અબોલાં પશુઓ મારી પોતાની જઠરાગ્નિ (ભૂખ) શાન્ત કરે છે, ત્યાં વન વગડામાં જ્ઞાની ગુરુ મળ્યા સુરપાળને ઉપદેશ આપ્યો પણ વ્યર્થ ગયો. મગશેલીઓ પત્થર પુષ્કરાવર્તના મેઘથી પણ ન ભિંજાય તેમ સુરપાલને ગુરુની હિત શિક્ષા ન લાગી. તેતો માંસ ભક્ષણ રાચી માચી ખુશી થઈને કરતો રહ્યો.

સુરપાલે પશુ, પક્ષીના માંસ અને અનન્તકાયાદિ ભક્ષણ કરી મહાઘોર કર્મ બન્ધન કર્યાં તેથી તેને મર્યા પછી અધોગતિ મળી,

## નં. ૯૬ માંસ ભક્ષણ કરનારની ગતિ

પરમાધામી તેહને; દેતા લાત અપાર.
પાડી પટકી તેહને, કરે ઉદરમાં વાર.
ફાડયાં પેટ બહુ મારથી; દુઃખ સહે છે જીવ.
નિકળ્યા સ્વાદ સહુ સાથમાં, કરતાં બહુ જ રીવ.

માંસ ભક્ષણ કરનાર ત્યાં નરકાવાસમાં પરમાધામીઓના માર સહન કરે છે. પરમાધામી તેને પકડી જોરથી પટ છે. પછી બરછી લઈને તેના પેટમાં ભોંકી દે છે. રૂધિરની ધારા વહે છે. દુઃખ પામતો આત્મા અસહાય રીબાય છે.

સદ્યઃ સંમૂર્છિતાનંતજંતૂ સંતાન દૂષિતં, ।
નરકાધ્વનિ પાથેયં, કેઽશ્નીયાત્ પિશિતં સુધીઃ ॥
શ્રી યોગશાસ્ત્ર (શ્રી હેમચન્દ્રાચાર્ય)

પ્રાણીયોનો ઘાત કર્યા પછી તેનો માંસમાં તત્કાળ ઉત્પન્ન થતા સંમૂર્છિમ અનંત જીવોની પરંપરાથી દૂષિત નરક ગતિના માર્ગે જનારને ભાતા સમાન માંસનું કયો ડાહ્યો માણસ ભક્ષણ કરે ?

બ્રહ્મકર્મ પરિભ્રષ્ટો માંસભોક્તા ચ મદ્યપઃ ।
એતે ચાન્યે ચ બહવો વૈતરણ્યાં પતંતિ તે ॥

બ્રહ્મકર્મથી પતિત થયેલ, માંસ ખાનાર અને દારૂ પીનાર એ અને બીજા પણ (પાપ કર્મો કરનારા) જીવો વૈતરણીના ઘોર નરકમાં પડે છે,

—શ્રી ગરૂડ પુરાણ અધ્યાય ૪



## નં. ૯૭ રાત્રિ ભોજન કરનાર

બત્તીસ પ્રકારે રસવતી, કરતાં વિધ-વિધ પાક.
શાક પાક બહુ ચીવડા; કરે કચોરી તાક.
જીભ તણા રસીયા થયા, ભોગે સ્વાદ સંપૂર્ણ
રાત્રી તણા એ કરે ભોજનો; ખાવે વાસી અન્ન જીર્ણ

રાત્રીમાં ઘણાં સૂક્ષ્મ જીવો તથા ઉડતા કુન્થુઆ ઓ ભોજની થાળીમાં આવી પડે છે. દીવાના પ્રકાશના પ્રવાહમાંના જીવ આંધળા થઈ ખાદ્ય પદાર્થોમાં આવી પડે છે. રાત્રી ભોજન જીવહિંસા રૂપ હોવાથી ત્યજવું;

## રસીઓ રમણલાલ

રાત્રી ભોજનનો રસીઓ રમણલાલ દિવસમાં જમવાનુંના છતાં એને તો રાતમાં ખાવાની મજા પડે. જ્ઞાનીના વચનો એને મિથ્યા લાગે માટે કોઈનું માને જ નહી,

રાત્રીમાં ખાવાનું ભયંકર પરિણામ રમણલાલને વવું પડ્યું. રાતના દશવાગે ઘેર આવી જમવા બેઠોમાં વિષજન્તું પડ્યું પણ જુએ કોણ ? જમતો જ . રાત્રિમાં ભયંકર રમણલાલના શરીરમાં વેદના ઉત્પન્ન થઈ મણલાલે જલંદર રોગના ભયંકર પરિણામવડે મરણ પામી ગતિ પ્રાપ્ત કરી. માટે રાત્રિ ભોજન અનર્થકારી અને ના માટે અહિતકર છે. માટે ડાહ્યા જીવોએ કરવું નહીં